Date :- 23-10-2024

Sandesh, Page-08, Surat

### ટ્રાન્સપોર્ટેશન હબ પ્રોજેક્ટ માટે વરાછામાં ૪૫૬ ચો.મી. જમીનનું સંપાદન

# મેટ્રો અને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબની જગ્યાનું કોકડું ઉકેલવા કવાયત

## પાલિકા અડાજણમાં ત્રણ ઠેકાણે ૧૭૦૬ ચો.મી. જગ્યા મેટ્રોને ભાડાપટે આપશે

। સુરત ।

સુરત મહાનગરમાં શહેરીજનોને પરિવહનની સરળતા, સુગમતા માટે ૯૦૦ કરોડના ખર્ચે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબ અને ૧૨ હજાર કરોડના ખર્ચે મેટ્રો પ્રોજેક્ટ સાકાર થશે. બન્ને પ્રોજેક્ટોની કામગીરી વિવિધ તબક્કામાં પહોંચી છે ત્યારે બન્ને પ્રોજેક્ટોને જરૂરી જગ્યા, જમીનને મુદ્દે પાલિકા તંત્રએ મહત્ત્વની કવાયત હાથ ધરી છે. મેટ્રો સ્ટેશન અને ડેપો માટે અડાજણમાં જુદી જુદી ૩ જગ્યાઓ ભાડાપટે આપવા માટેની તૈયારી કરવામાં આવી છે. જ્યારે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબ માટે વરાછામાં ૪૫૬ ચો.મી. જમીનનું સંપાદન કરવાની હિલચાલ ચાલી રહી છે. આ બન્ને પ્રોજેક્ટો માટે જરૂરી જગ્યા મુદ્દે ગુરુવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેવાશે.

સ્થાયી સમિતિ સમક્ષ રજૂ થયેલી દરખાસ્તમાં જણાવ્યા મુજબ, વરાછા ઝોનમાં સૂર્યપૂર ગરનાળાની પૂર્વે તરફે સુરત-કામરેજ વરાછા મેઈન રોડ ઉપર સ્થિત મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબ પ્રોજેક્ટના આયોજન અંતર્ગત એલીવેટેડ રોડ માટે ફાઈનલ ટી.પી. સ્કીમ નંબર-૪ (અશ્વનીકુમાર-નવાગામ), ફાઈનલ પ્લોટ.૨૬૬-૨ (ક્ષેત્રફળ-૧૧૫ ચો.મી.) તથા ફાઈનલ પ્લોટ નં. ૨૬૭ (ક્ષે.૫૫ ચો.મી.) મળી કુલ ૧૭૦ ચો.મી.વાળી જમીનો વાટાઘાટથી મેળવી શકાય તેમ ન હોવાથી ફરજિયાત સંપાદન કરવાની દરખાસ્ત શાસકો સમક્ષ રજૂ કરવામાં આવી છે. આવી જ એક અન્ય દરખાસ્તમાં વરાછા ઝોનમાં ફાઈનલ ટી.પી. સ્કીમ નંબર-૪ (અશ્વનીકુમાર-નવાગામ), ફાઈનલ પ્લોટ નંબર-૨૭૩ પૈકી ૨૮૬ ચો.મી. વાળી જમીનનું સંપાદન કરવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

ઉપરાંત, પાલિકાતંત્ર દ્વારા વિવિધ વિસ્તારમાં મેટ્રો પ્રોજેક્ટ માટે જગ્યા ભાડાપટે આપવામાં આવી છે. તેમાં હવે ફાઈનલ ટી.પી.-૩૧ (અડાજણ)માં ફાઈનલ પ્લોટ-૧૯૫ની પશ્ચિમે અને ફાઈનલ પ્લોટ ૭૮ની પૂર્વે આવેલી ૨૯૬ ચો.મી. જગ્યા અડાજણ ગામ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ-૧ અને ૨ માટે ગુજરાત મેટ્રો રેલને પ્રવર્તમાન જંત્રી ભાવે અને ૨.૫૦ રૂપિયા પ્રતિ ચો.મી. લેખે વાર્ષિક ભાડું, ટેક્સ લઈ ૯૯ વર્ષના ભાડાપટેથી ફાળવણી કરવાની દરખાસ્ત રજૂ થઈ છે. આવી જ અન્ય બે જગ્યામાં ફાઈનલ ટી.પી.-૩૨ (અડાજણ)માં ફાઈનલ પ્લોટ-૮ની પશ્ચિમે અને ફાઈનલ પ્લોટ ૧૩ની પૂર્વે આવેલી કુલ ૫૮૮ ચોરસ મીટર જગ્યા અને તે જ ટી.પી.માં ફાઈનલ પ્લોટ.૬૪ની પશ્ચિમે અને ફાઈનલ પ્લોટ ૬૨ની પૂર્વે આવેલી કુલ ૮૨૨ ચોરસ મીટર જગ્યા પણ ભાડાપટે આપવાની કવાયત હાથ ધરાઈ છે. મેટ્રો રેલ કોર્પોરેશનને આ ત્રણેય જગ્યાઓ ભાડાપટે આપવા અને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન હબ માટે બે જમીનનું સંપાદન કરવા અંગે સ્થાયી સમિતિમાં નિર્ણય લેવાશે.